નવા વર્ષે... જરા હાથ ટૂંકો કરીએ... !



નવું વર્ષ નવી વાત...! નૂતન વર્ષે પ્રભુને પ્રાર્થીએ કે આપણાં હાસ્યને પ્રસન્નતાનો, રૂદનને ભાવનો, કાર્યને ભક્તિનો, સેવાને સ્નેહનો, પ્રીતિને ત્યાગનો, ભક્તિને સમર્પણનો, વિદ્યાને રસિકતાનો અને વિરક્તિને જ્ઞાનનો રંગ ચડે પણ આ રંગો લાવવા ક્યાંથી? કોઈકનું જીવન ફરિયાદોથી ભરેલું છે તો વળી કોઈનું જીવન આભારોથી, કોઈકને મરવાની ઉતાવળ છે તો કોઈકને ગમે તેટલું જીવે તો ય જીવન ટૂંકું લાગે છે, કોઈકને મોંઘવારીની હાય લાગી છે. હાય રે આ મોંઘવારી! ખાવું શું ને ખવડાવવું શું? નવા વર્ષનો આનંદ આ મોંઘવારીમાં વિલાઈ ગયો છે, મોંઘવારી કૂદકે ને ભૂસકે વધતી જાય છે. એનો આપણે સૌ રોજબરોજ અનુભવ કરતાં હોઈએ છીએ. ગોળ, ખાંડ, મીઠાઈ તો કડવાં બની ગયાં છે. શાકભાજી, કઠોળ, અનાજ બધું જ મોંઘું - તેલના ભાવ આસમાને, ઘીના ભાવ આસમાને. ગરીબ લોકોની કસ્તુરી - કાંદા-બટાકાના ભાવ પણ આસમાને... સાલું બધું જ મોંઘું... ! સસ્તું શું? ખાલી આ મોંઘવારીમાં સસ્તું હોય તો તે મૃત્યુ છે..!

રોજબરોજનાં છાપાંઓમાં વાંચતાં જ હોઈએ છીએ કે નાની અમથી વાતમાં કોઈએ દસમે માળેથી પડતું મૂક્યું તો કોઈકે મોંઘવારીથી કંટાળીને આપઘાત કર્યો, ક્યાંક વળી સામૂહિક આપઘાત પણ થાય છે.

અવારનવાર સામૂહિક ખૂનો પણ થતાં હોય છે. આજકાલ આ મોંઘવારીએ પણ મોતને સસ્તું બનાવી દીધું છે તો રોગોએ પણ મોતને સસ્તું બનાવી દીધું છે. ધરતીકંપ, વાવાઝોડું, પૂર અને સુનામી ને આતંકવાદી હુમલાઓએ પણ હજારો માણસોને મૃત્યુના મુખમાં ધકેલ્યાં છે.

હાલમાં સર્વત્ર છવાયેલું પ્રદૂષણ અને મોંઘવારીમાંથી કોણ પહેલાં ડુબાડશે એવી સ્થિતિ સર્જાઈ રહી છે. 'મોગલોનું શાસન તગારે, પેશ્વાઓનું શાસન નગારે અને સરકારનું શાસન પગારે' એવી કહેવત છે, લોકશાહીમાં સરકાર કર્મચારીઓને પગાર ચૂકવી ચૂકવીને થાકી જાય એવો મતલબ છે. સરકારી કર્મચારીઓ માટે છઠ્ઠું પગારપંચ આવ્યું ત્યારે મધ્યમવર્ગો માટે આશાનું કિરણ ઊગ્યું હતું, હાશ, આવા પગારપંચો આવતાં રહે અને જીવનમાં થોડી મોજ-મજા કરીશું પણ સામે પક્ષે સરકારે મોંઘવારી નામના અસુરને છૂટો મૂકી દીધો અને હવે આ ભસ્માસુર ભારતની જનતાને સતાવી રહ્યો છે. જનતાનું મહિનાનું બજેટ ખોરવાઈ ગયું છે. તેની તમામ ગણતરીઓ ખોટી પડે છે અને મહિનાનો પગાર ૨૦મી તારીખે પતી જાય છે. જીવતા રહેવા માટે જરૂરી એવી ચીજોના ભાવવધારાના અકલ્પનીય આંકડા ચૂકવવા ક્યાંથી? સરકારના પેટનું પાણી હાલતું નથી.

મોંઘવારીનું પ્રમાણ વધ્યું છે, માનવીની જરૂરિયાતો પણ ખૂબ જ વધી છે. તેવે સમયે આવક થોડી ને ખર્ચા ઝાઝા, આવી મોંઘવારીમાં આપણે પોતે જ સમજવાનું છે અને તે એ કે આપણે હાથ જરા ટૂંકો કરવાનો એટલે કે થોડી કરકસર કરીએ.

અમારા પાડોશી રમાબેન પહેલેથી કરકસરી. ખરીદી કરવા જાય તો પાંચ જગ્યાએ ભાવતાલ પૂછે, પછી જ વસ્તુ ખરીદે; ખરીદી કરવામાં વિવેકબુદ્ધિ રાખે. સસ્તું મળે એટલે ઢગલાબંધ ન ખરીદે, લાવે સોનાનું પણ બગાડ થાય એ તો તેમનાથી સહન ન જ થાય.

પુરુષ તો કમાઈને દર મહિને તેની કમાણી આપી દેશે, તેનું કામ પૂરું થઈ ગયું પરંતુ એ પછી ઘરનાં બે છેડા કેમ ભેગા કરવા એ સ્ત્રીએ જ નક્કી કરવાનું રહે છે. 'પુરુષની સફર ને સ્ત્રીની કસર' એમાં જ સંસારની બધી મુશ્કેલી સમાઈ જતી હોય છે

અલ્પા અને જિનલ તેમની બે વહુઓ. અલ્પામાં થોડા સાસુમાના ગુણ ઊતર્યા હતા પણ જિનલનો હાથ તો બહુ જ પહોળો. તેને ખરીદી કરવાનું આવે ત્યારે ઢગલાબંધ શાકભાજી-ફ્રૂટ લઈ આવે પછી બધું અટવાઈ અટવાઈને પૂરું થાય, બગડી જાય, ફેંકી દેવું પડે. રાંધતી વખતે પણ જિનલથી હંમેશાં વધારે રસોઈ બની જાય. તો સાસુ રમાબેન એને શિખામણ આપતાં કહે ઘરનો કયો સભ્ય કેટલું ખાય છે તેની આપણને જાણ હોય જ છે તો એ પ્રમાણે જ ખોરાક રાંધો. બાળકોને પણ એવી ટેવ પાડો કે ખાવાનું બગાડે નહીં. એક દિવસ અલ્પા અને જિનલ રસોઈ કરતાં હતાં. જિનલ રોટલી કરતી હતી અને અલ્પા શાક સમારતી હતી. એટલામાં જિનલની મમ્મીનો ફોન આવ્યો. ગેસ ધીમો રાખી પંદર-વીસ મિનિટ ગપ્પાં માર્યાં, રમાબેન એવામાં બહારથી આવ્યાં. ગેસ ચાલુ. એણે જિનલને એટલું જ કહ્યું બંધ કરતાં કેટલી વાર લાગે? અને મહત્ત્વની વાત તો કોઈ હતી નહીં, તો ખબરઅંતર પૂછી મૂકી ન દેવાય?

એમાં તો જિનલે આખું ઘર ગજવ્યું. છતાં રમાબેન પણ આજે જે કહેવાનું હતું તે કહીને જ રહ્યાં.

જિનલ તારામાં અનેક કુટેવ છે. એક તો તારો હાથ છુટ્ટો છે. તારા સ્વભાવમાં કસરનું જરા નામ નથી. નાકા પર બજાર છે છતાં તું હંમેશાં સ્કૂટી લઈને જ જાય છે. થોડું તો ચાલવવાનું રાખ; તું તારા રૂમમાંથી બહાર આવે તો કોઈ દિવસ તારા રૂમનાં લાઈટ-પંખા બંધ કરતી નથી. ટી.વી. પણ અડધી વાર જોતી ન હોય તો પણ ચાલુ. દરરોજ એકબે કપડાંની અસ્ત્રી કરે એના કરતાં અઠવાડિયે બધાં કપડાં ભેગાં થાય ત્યારે સાથે અસ્ત્રી કરવાથી વીજળી ઓછી વપરાય છે. ફ્રીજ પણ રસોઈ કરતી વખતે દસ વાર ખોલબંધ કરો એમાં વીજળી વધુ વપરાય, રસોઈ કરવાં પહેલાં જે જે ફ્રીજમાંથી કાઢવાનું હોય તે કાઢી લેવું. આમ કરવાથી વીજળી બિલ ઓછું આવે - થોડી કરકસર કરી પૈસા બચાવશો તો તમને જ કામ આવશે. આજે કેટલી મોંઘવારી છે. ગૃહિણી સામાન્ય ઘરની હોય કે મધ્યમ વર્ગની કે પછી શ્રીમંત ઘરનાની અત્યારનું શિક્ષણ, અત્યારની મોંઘવારી દરેક ગૃહણીને આડઅસર કરી જવાની. પુરુષ તો કમાઈને દર મહિને તેની કમાણી મારા કે તમારા હાથમાં આપી દેશે, તેનું કામ પૂરું થઈ ગયું પરંતુ એ પછી ઘરનાં બે છેડા કેમ ભેગા કરવા એ સ્ત્રીએ જ નક્કી કરવાનું રહે છે. 'પુરુષની સફર ને સ્ત્રીની કસર' એમાં જ સંસારની બધી મુશ્કેલી સમાઈ જતી હોય છે. આજે તો કસર તો બાજુ પર પણ બધાને અ..ધ..ધ.. જોઈએ છે. કોઈ કશાથી ધરાતું નથી.

એટલામાં જિનલનો છોકરો મોન્ટુ આવ્યો. મમ્મી બહાર બરફગોળાની લારી આવી છે, પૈસા આપ. જિનલે તરત જ પૈસા કાઢીને આપી દીધા, પૈસા વધ્યા તેમાંથી ચ્યુઈંગમ લઈ આવ્યો અને રાત્રે, જ્યારે આંટો મારવા પપ્પામમ્મી સાથે મોન્ટુ ગયો તો વૉટરબેગ- કંપાસ - કલરબોક્સ બધું લઈને આવ્યો, રમાબેન તો જોતાં જ રહી ગયાં. બે મહિના પર તો બધું નવું લાવ્યાં હતાં. તે બધું નકામું. મને તો સમજાતું નથી બાળકો બાળકોને પૈસાની કોઈ કિંમત નથી. રમાબેને એના છોકરા રાહુલને પણ કહ્યું - બાળક માંગે એટલે ધરી ન દો, થોડું સમવિસમ વસ્તુથી પણ ચલાવતાં શીખવો, બાળકમાં પણ કરકસરની ટેવ બાળપણથી પાડવી જોઈએ, પ્રત્યેક બાળકને વસ્તુનું મૂલ્ય સમજાય એ માટે પ્રયાસ કરવો રહ્યો. નજીવી વસ્તુ પણ કાળજીથી ઘસીને વાપરે એવી ટેવ પાડો. કારણ મારી નાંખે એવી મોંઘવારી છે. એમાંથી ઉગારનાર એક જ ઉપાય છે. આપણો હાથ નવા વર્ષે જરા ટૂંકો કરીએ એટલે કે કરકસર કરી બચત કરીએ. આ સંસ્કારો વર્તમાનમાં અને મોટપણે જીવન સરળ બનાવશે,

તો વાચકમિત્રો! 'ત્રેવડ ત્રીજો ભાઈ' જીવનમાં નવા વર્ષે આ વાત ખાસ ધ્યાન રાખો. જીવનમાં સગવડો સાથે અવગડો વેઠતાં પણ શીખીએ. કરકસર માત્ર-અન્ન- વસ્ત્ર અને પૈસાની જ કરવાની નથી. સમયનો ઉપયોગ પણ કરકસરથી કરવો જોઈએ. આપણે સૌ કરકસર કરી બચત કરીએ. નાણાં ખર્ચતાં પહેલાં વિચાર અને આયોજન કરો. જરૂરિયાતો અને ઈચ્છાઓ વચ્ચેનો તફાવત બરાબર સમજીશું તો ખોટા ખર્ચા જરૂર ઓછા થશે...! ન્યૂ યર ખરેખર HAPPY HAPPY બની રહેશે...!

નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

સુવર્ણરજ

આ મળ્યું જગત રે એવું બન્યું તે જાણી લઈએ,
જે મળી જીવનની પળો,
ચાલો મન માણી લઈએ,
આજે રૂપિયા કાલે સવા,
પરમે થાશે પાંચ
ઘરનું ઘર તો આજ કરો, તો કાલે ના આવે આંચ.
-સંકલિત